# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref No. PN 2024-25/060 Dt. 15/08/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દેશની આઝાદીના ૭૮મા સ્વતંત્રતા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

### હજી પણ સૈનિકો માં ભૌમની રક્ષા કાજે શહીદી વહોરી રહયા છે ત્યારે આપણે સૌએ દેશના અર્થતંત્રને મજબૂત કરી રાષ્ટ્રને વિશ્વમાં પ્રથમ ક્રમે લાવવા 'આર્થિક સોલ્જર' બની સાથે મળીને પ્રયાસ કરવાની જરૂર છે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે દેશની આઝાદીના ૭૮મા સ્વતંત્રતા દિવસના અવસર પર સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખૂબ જ ધામધુમથી અને હર્ષોલ્લાસ સાથે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત સર્વેને સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવી હતી તથા દેશની આઝાદી માટે શહીદ થયેલા વીર જવાનો તેમજ માં ભૌમની રક્ષા કાજે સરહદે તૈનાત સૈનિકોને નતમસ્તક વંદન કર્યુ હતું.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા ચેમ્બરના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, દેશના વીર જવાનોએ દેશની રક્ષા કાજે પ્રાણ ન્યોછાવર કર્યા ત્યારે દેશને આઝાદી મળી છે. સ્વતંત્રતા માટે ભગત સિંહ, ચંદ્રશેખર

આઝાદ, સુભાષ ચંદ્ર બોઝ જેવા વીર જવાનોએ શહીદી વહોરી હતી ત્યારે આ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી શકી હતી. જો કે, આઝાદી બાદ પણ પાડોશી દેશના કારણે આપણા સૈનિકો સરહદે શહીદ થઇ રહયા છે ત્યારે આજના પ્રસંગે આ જવાનોને નતમસ્તક વંદન કરીએ. સૈનિકો, દેશની બોર્ડર પર તૈનાત રહીને માં ભૌમની રક્ષા કરે છે એવી રીતે આપણે સૌએ દેશને આર્થિક રીતે મજબૂત કરી સમગ્ર રાષ્ટ્રને વિશ્વમાં પ્રથમ ક્રમે લાવવા સાથે મળીને પ્રયાસ કરવાની જરૂર છે. તેમણે કહયું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશની ઇકોનોમીને ૩૫ ટ્રિલિયન યુએસ ડોલર સુધી લઇ જવા માટે ઉદ્યોગકારો, યુવાઓ અને નાગરિકોએ સૌએ સાથે મળીને પ્રયાસ કરવાનો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ દેશને આઝાદી અપાવવા પ્રાણોની આહૂતિ આપનારા શહીદ જવાનોનો આભાર માની તેઓને વંદન કર્યું હતું. ધ્વજવંદન સમારોહનું સમગ્ર સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, ભૂતપૂર્વ પ્રમુખો શ્રી રજનિકાંત મારફતિયા, શ્રી હિમાંશુ બોડાવાલા, સીએ પી.એમ. શાહ, શ્રી રોહિત મહેતા અને શ્રી અરવિંદ કાપડીયા, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓએ સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી હતી.